# રાજ્યમાં કોરોનાનો કાળો કહેર, નવા ૮૭૨ કેસ

## કોરોનાગ્રસ્ત ૫૦૨ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા : છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ના મોત : કુલ મૃત્યુ ૨૦૩૪ એક્ટીવ કેસ ૧૦,૩૦૮ : વેન્ટીલેટર ઉપર ૭૩ દર્દીઓ

ગાંધીનગર,તા.૧૧
રાજ્યમાં કોરોનાની સ્થિતિ વકરતી હોય તેવું ચિત્ર ઉભું થઈ રહ્યું છે. બીજી તરફ દર્દીના સાજા થવાના દરમાં પણ નોંધપાત્ર સુધારો થતા લોકો અને તંત્ર રાહતનો અનુભવ કરી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૨ દર્દીઓ સાજા થઈને ઘરે પહોંચ્યા છે. જ્યારે આજે વિવિધ જિલ્લાઓમાં ૮૭૨ દર્દી નોંધાયા છે.

રાજ્યમાં આજે ફરી વખત સૌથી વધુ કેસ સુરત કોર્પોરેશનમાં ૧૮૦ જોવા મળ્યા હતા. જ્યારે જિલ્લામાં અન્ય ૯૦ કેસ જોવા મળ્યા છે. તેની સામે કોર્પોરેશનમાં ૧૦૭ દર્દી સાજા થયા છે. જ્યારે જિલ્લામાં ૨૯ દર્દી સાજા થઈને ઘરે ગયા છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૬૬ નવા કેસની સામે ૧૨૩ દર્દી ડીસ્ચાર્જ કરાયા છે. જ્યારે જિલ્લામાં ૧૨ નવા કેસની સામે ૩ દર્દીને ડીસ્ચાર્જ કરાયા છે.

વડોદરામાં ૪૨ નવા કેસ આવ્યા છે પણ તેની સામે ૬૩ દર્દીઓ સાજા થયા છે. ભાવનગરની સ્થિતિ વધુ ગંભીર બની રહી હોય તેમ જણાય છે. ભાવનગર કોર્પોરેશનમાં ૩૭ નવા કેસ આવ્યા છે. જેની સામે એકપણ દર્દી ડીસ્ચાર્જ થયો નથી. વડોદરા જિલ્લામાં ૩૦ નવા કેસની સામે પાંચ દર્દી ડીસ્ચાર્જ થયા છે. રાજકોટ કોર્પોરેશનમાં ૨૯ નવા કેસની સામે એકપણ દર્દી ડીસ્ચાર્જ થયો નથી. જ્યારે રાજકોટ જિલ્લામાં પણ ૧૨ નવા કેસ આવ્યા છે અને એકપણ દર્દી ડીસ્ચાર્જ થયો નથી. રાજ્યમાં આજે ૧૦ લોકોના મોત થયા છે. જેમાંથી અમદાવાદમાં ૪, સુરતમાં ૩, દાહોદ, કચ્છ અને પાટણમાં ૧-૧ જણાનું મોત થયું છે. સમગ્રતઃ રાજ્યમાં ૧૦,૩૦૮ એક્ટીવ કેસ છે. જેમાંના ૭૩ દર્દી વેન્ટીલેટર પર છે તથા ૧૦૨૩૫ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં ડીસ્ચાર્જ થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૨૮૬૮૫ છે. રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૪,૫૭,૦૬૬ ટેસ્ટ કરાયા છે. રાજ્યના કુલ ૩,૧૬,૭૭૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરાઈ છે. જેમાંની ૩,૧૩,૯૬૪ વ્યક્તિ હોમક્વોરન્ટાઈન છે તથા ૨૮૧૦ વ્યક્તિ ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવી છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૯૨૩ | ૧૫૧૬ | ૧૭૭૮૯ |
| સુરત | ૭૫૭૭ | ૨૧૫ | ૪૬૪૩ |
| વડોદરા | ૨૯૭૭ | ૫૧ | ૨૧૧૭ |
| રાજકોટ | ૬૦૯ | ૧૬ | ૧૮૧ |
| ભાવનગર | ૫૫૬ | ૧૩ | ૨૨૨ |
| ગાંધીનગર | ૮૫૪ | ૩૪ | ૬૧૩ |
| કચ્છ | ૨૩૮ | ૦૭ | ૧૪૩ |
| મહેસાણા | ૪૨૬ | ૧૪ | ૧૮૯ |
| ગીર-સોમનાથ | ૧૨૬ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૪ | ૦૨ | ૧૭ |
| પંચમહાલ | ૨૩૬ | ૧૬ | ૧૭૨ |
| પાટણ | ૨૭૨ | ૧૯ | ૧૮૩ |
| છોટાઉદેપુર | ૭૬ | ૦૨ | ૫૪ |
| જામનગર | ૩૪૩ | ૦૯ | ૧૮૭ |
| મોરબી | ૬૭ | ૦૩ | ૨૭ |
| સાબરકાંઠા | ૨૪૭ | ૦૮ | ૧૫૧ |
| આણંદ | ૨૮૭ | ૧૩ | ૨૪૧ |
| દાહોદ | ૧૨૭ | ૦૨ | ૫૧ |
| ભરૂચ | ૪૧૧ | ૧૧ | ૨૧૦ |
| બનાસકાંઠા | ૩૨૩ | ૧૪ | ૧૮૭ |
| ખેડા | ૨૯૪ | ૧૩ | ૧૭૬ |
| બોટાદ | ૧૧૬ | ૦૩ | ૭૬ |
| નર્મદા | ૧૦૮ | ૦૦ | ૯૦ |
| અરવલ્લી | ૨૪૬ | ૨૪ | ૨૦૯ |
| મહીસાગર | ૧૭૧ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૨૪૦ | ૦૨ | ૧૨૬ |
| તાપી | ૪૦ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૩૨૭ | ૦૫ | ૧૧૭ |
| જૂનાગઢ | ૨૭૦ | ૦૫ | ૭૦ |
| સુરેન્દ્રનગર | ૨૭૦ | ૦૮ | ૧૩૧ |
| દેવભૂમિ દ્વારકા | ૨૯ | ૦૩ | ૨૧ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૩૩ | ૦૯ | ૮૦ |
| કુલ | ૪૧૦૨૭ | ૨૦૩૪ | ૨૮૬૮૫ |

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને ગ્રમ પંચાયતોના સરપંચોને એક પત્ર લખી કોવિડ-૧૯ ના સંક્રમણને નાથવામાં સતર્ક રહી અને સાવધાની રાખવા સલાહ આપી છે. તેમણે આ પત્રમાં ગ્રામ્ય સ્તરે કોઈપણ પ્રકારના મેળાવડા, સભા કે જાહેર સમારંભો યોજાય નહિ તે જોવા પણ જણાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં વધતા જતા માર્ગ-અકસ્માતો અને તેમાંય સચિવાલય સંકુલના ગેટ નં. ૧ સામે વારંવાર થતાં નાના-મોટા અકસ્માતના બનાવોને નાથવા બન્ને માર્ગ પર નાના-મોટા પ્લાસ્ટીક બમ્પ મુકાય તેવી માંગ કર્મચારી સંગઠ્ઠનોએ કરી છે.
- રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલિબેન રૂપાણી તાજેતરમાં ગાંધીનગર-ચિલોડા નજીક આવેલ શિવપુરા-કંપા ખાતે આધુનિક-ખેતી અને પ્રયોગશીલ ખેતી જોવા ગયા હતા. જ્યાં તેમણે કચ્છની ખારેકની ખેતી જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.
- ગાંધીનગર શહેરમાં સમાવવામાં આવેલ ૧૮ ગામ અને એક નગરપાલિકા વિસ્તારને ટોરેન્ટ પાવરમાંથી વીજપુરવઠો આપવો જોઈએ તેવી માંગણી કુડાસણ બેઠકના પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે કરી છે.
- જિલ્લામાં લોકાર્પણ થઈ શકે તેવા કામો તેમજ ખાતવિધિ યોજી શકાય તેવા વિકાસ કામોની યાદી તૈયાર કરવા જિલ્લા તંત્ર દ્વારા સૂચનાઓ જારી કરવામાં આવી છે.

## અરવલ્લીમાં કોરોનાને લઈ સુખદ સમાચાર ૮૬ વર્ષના દાદાએ કોરોનાને હરાવ્યો

મોડાસા, તા. ૧૧
અરવલ્લી જિલ્લો કોરોનાના વાયરસના ભરડામાં બરાબર કસાયો છે. રોજબરોજ નવા કેસ અને મોતનો સીલસીલો યથાવત રહેતાં લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓનુ ટપોટપ મોત નીપજ્યું રહ્યું છે. કોરોનાના કાળા કહેર વચ્ચે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૮૬ વર્ષના સવાદાસભાઈ નામના દાદાએ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહેતા હોસ્પિટલ સ્ટાફે તાળીઓના ગડગડાટ સાથે દાદાને વિદાય આપી હતી. વૃદ્ધ અને તેમના પરિવારજનોમાં ખુશી જોવા મળી હતી, બીજીબાજુ મોડાસા શહેર અને તાલુકામાં કોરોના વધુ બે લોકોને ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે જેમાં મોડાસાની કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ કસ્બા વિસ્તારના વૃદ્ધા અને મડાસણા કંપાના આધેડને કોરોના ભરખી જતા લોકોમાં કોરોનાનો ખોફ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં વુધ એક કોરોનાથી મોત થતાં કુલ આંક ૨૮ એ પહોંચ્યો છે. શનિવારે વધુ ૧ કેસ નોંધાતા અત્યાર સુધી કોરોના પોઝીટીવ કુલ કેસનો આંક ૨૬૭ એ પહોંચી ગયો છે.



અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અડિંગો જમાવ્યો છે. મોડાસા શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજેરોજ કેસ વધી રહ્યા છે અને મોતનો સીલસીલો યથાવત રહ્યો છે. જિલ્લામાં રોજબરોજ નવા કેસો સામે મોતનો સિલસીલો ચાલુ રહ્યો છે. મોડાસા શહેરના કસ્બા વિસ્તારમાં કોરોનાગ્રસ્ત વૃદ્ધાનુ મોત થતાં શહેરમાં કુલ મૃત્યુઆંક ૨૩ એ પહોંચ્યો છે. મોડાસા તાલુકાનાં મડાસણા કંપાના આધેડનું સારવાર દરમિયાન મોત નિપજતા જિલ્લામાં અત્યાર સુધી ૨૮ લોકોએ કોરોના વાયરસમાં જીવ ગુમાવ્યો છે. આમ શહેરના જ લોકોના વધુ મોત શહેરીજનો ફફડી રહ્યા છે. એક પછી એક મોડાસા શહેરના દરેક વિસ્તાર કન્ટેઈમેન્ટ ઝોનમાં ફેરવાયા છે. જેથી લોકોમાં ફફડાટ વ્યાપ્યો છે.



અરવલ્લી જિલ્લા કોરોના વોરીયર્સનુ મોહદીસે આઝમ મિશન દ્વારા નવાજવામાં આવ્યા હતા જેમાં મોડાસાના વતની અને પહેલા દિવસથી જે કોવિડ-૧૯ સેન્ટરનો ચાર્જ સાંભળી રહ્યા છે તેવા ડો. યજ્ઞેશ નાયક તેમની સાથે ડો. હર્ષ ચૌધરી, ડો. સીરાજ ગેણા, ડો. નિલય પટેલ, ડો. તન્મય પટેલ, ડો. અમરીશ પટેલ, ડો. કુલદીપ પટેલ, ડો. સંતોષકુમાર પ્રજાપતિ તેમજ નર્સિંગ સ્ટાફ, સ્વીપર સહિત તમામ હેલ્થ હીરોઝનું સન્માન કરવામાં આવ્યું હતું. મોહદીસે આઝમ મિશન તેમની સેવાઓને બીરદાવવામાં આવેલ જેઓ કોરોના સંક્રમણના વાતાવરણમાં પોતાનો જીવ જોખમમાં મૂકી કોરોનાના દર્દીઓ સાજા થાય તે માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે.

## મોતીપુરા સર્વિસ રોડ પરથી ૧૫ કિલોથી વધુ ગાંજો પકડાયો

હિંમતનગર, તા. ૧૧
સાબરકાંઠા એસઓજીએ બાતમીને આધારે ગુરૂવારે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવેના સર્વિસ રોડ પરથી અંદાજે રૂ. ૧.૫૯ લાખના ૧૫ કિલોથી વધુ ગાંજો લઈને જતા બે શખ્સોને બોલેરો ગાડી સાથે ઝડપી લઈ જથ્થો કબ્જે પોલીસે એનડીપીસી એક્ટ મુજબ એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે એસઓજીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે બપોર બાદ તેમને એવી બાતમી મળી હતી કે ગાંભોઈ તરફથી માદક પદાર્થનો જથ્થો લઈને એક બોલેરો ગાડીમાં બે શખ્સો પસાર થવાના છે. એસઓજીના સ્ટાફે વોચ ગોઠવીને વાહન ચેકીંગ શરૂ કર્યુ હતુ. દરમિયાન હિંમતનગરના એસટી નિગમની મુખ્ય કચેરી આગળથી પસાર થયેલી બોલેરો ગાડી નં. જીજે.૦૧.બીવી.૯૧૮૯ પસાર થતા તે શંકાસ્પદ જણાઈ હતી. જેથી પોલીસે તેનો પીછો કરીને નેશનલ હાઈવેના સર્વિસ રોડ પરથી તેને ઝડપી લીધી હતી.

ત્યારબાદ આ બોલેરોમાં તપાસ કરતા આઠ થેલીઓમાં માદક પદાર્થ એટલે કે ગાંજો ભરેલો હતો જેથી પોલીસે તે અંગે કારમાં જઈ રહેલા પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના મોટીપીપળી ગામના સાગરભાઈ રમેશભાઈ રાવલ અને રાધનપુરના હસુભાઈ કમુભાઈ ઠાકોરને ઝડપી લીધા હતા. ત્યારબાદ આ બંને જણાની પુછપરછ કરતા પોલીસ સમક્ષ આ બંને જણાએ ગાંજાનો જથ્થો મોકલનાર અને લેનાર કાંતિભાઈ નામના આદીવાસી તથા રાપર તાલુકાના મોમયમોરા ગામના પાગલપુરી બાપુનુ નામ જાહેર કર્યુ હતુ. જેથી પોલીસે ગાંજાનો જથ્થો ભરેલી અંદાજે ૧૫ કિલોથી વધુની આઠ થેલીઓ કે જેની કિંમત અંદાજે રૂ. ૧.૫૯ લાખ થવા જાય છે.

## મોડાસા માર્કેટયાર્ડમાંથી રિક્ષામાં ઘઉંની આઠ બોરીની ઉઠાંતરી કરનાર બે શખ્સોને દબોચ્યા

મોડાસા, તા. ૧૦
મોડાસા માર્કેટયાર્ડમાં થોડા દિવસ અગાઉ અનાજના વેપારીની દુકાન આગળ પડેલી ૮ ઘઉંની બોરીની રીક્ષામાં ચોર ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. ઘઉંની બોરીની ચોરી કરનાર શખ્સો અને રિક્ષા માર્કેટયાર્ડમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. મોડાસા ટાઉન પોલીસને જાણ કરાતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફુટેજના આધારે મોડાસા ટાઉન પોલીસે સીએનજી રીક્ષા સાથે ઘઉ બોરીની ચોરી કરનાર બે ચોરને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા નવા માર્કેટયાર્ડમાંથી શનિવારના રોજ સીરાજ બ્રધર્સ અનાજના વેપારીની દુકાન પાસે પડેલી ૮ ઘઉંની બોરી કોઈક ઉઠાવી ગયું હતું. જેથી દુકાન માલીકે આસપાસ તપાસ કરી પરંતુ ચોર આ ઘઉંની બોરી લઈ યાર્ડમાંથી રફુચક્કર થઈ



ગયો હતો. આ ઘટના અંગે યાર્ડના કર્મચારીને રજૂઆત કરાઈ હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેથી સીસીટીવી ફુટેજના આધારે ચોરને શોધવાની તજવીજ હાથ ધરાઈ હતી. આ અંગે મોડાસા ટાઉન પોલીસને જાણ કરાતાં પોલીસે સીસીટીવી કેમેરામાં રેકોર્ડિંગના આધારે ઘઉંની બોરીની ચોરીમાં વાપરેલ રીક્ષા સાથે અબ્દુલ કરીમ મુલતાની (રહે, સદાકત સોસાયટી, મોડાસા) અને યુનુસ અનવર ભટ્ટી (રહે, કઉ, સાગના મુવાડા) ને દબોચી લઈ ઘઉંના કટ્ટા નંગ-૮ કીં. રૂ.૧૦૦૦૦ તથા રિક્ષા મળી કુલ રૂ.૯૦૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## શ્રી પાટણવાડા રામી-માળી સમાજનું ગૌરવ

પાટણ જિલ્લા ભાજપના



ઉપક્રમે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની 'ગઈકાલ આજ અને આવતીકાલ'ના વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી પાટણવાડા રામી-માળી કેળવણી મંડળના મંત્રી કનૈયાલાલ કે. રામીએ મોકલેલી કૃતીનો ચોથો નંબર આવતા સમગ્ર રામી-માળી સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે.

### વધુ ૧૭ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલમાંથી ખાનગી સંસ્થામાં નોકરી કરે છે તેને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવેલ છે. નાના ચિલોડા ગામેથી એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીના પિતા અગાઉ સંક્રમિત થયેલા હતા અને તેથી આ મહિલા પણ સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર તાલુકાના શેરથા ગામેથી એક ૧૫ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત નવા કોબામાંથી એક ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં છત્રાલમાંથી એક, બોરીસણામાંથી બે અને કલોલ અર્બનમાંથી બે કેસ મળી આવેલ છે. માણસામાં પણ અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત પાટણપુરામાંથી પણ એક ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જિલ્લામાં હાલ ૨૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૮ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ જિલ્લામાં ૧૫૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તામરાં વધતા જતા સંક્રમણને લઈ તંત્ર વધુ ચિંતીત બન્યુ છે. જિલ્લામાં ૬૧૫ થી વધુ કેસ નોંધાઈ ચુક્યા છે.

### વરસાદની સંભાવના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારા વરસાદના વાવડ નથી. ઘણા ભાગોમાં વાવણીલાયક વરસાદ શુદ્ધા નથી પરંતુ આગામી દિવસોમાં વરસાદની સિસ્ટમ સક્રિય થતાં તા. ૧૫ થી ૨૪ જુલાઈ સુધીમાં રાજ્યના ભાગોમાં વરસાદ આવી શકે તેમ છે. ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં અને ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સશક્યતા છે. આરાસુરના ભાગો,. અરવલ્લીના ભાગો, સાબરકાંઠાના હિંમતનગરના ભાગો, પ્રાંતિજના ભાગોમાં પણ વરસાદ થવાની શક્યતા છે. ઈડર વગેરે ભાગોમાં વરસાદની શક્યતા છે. મહેસાણા, સિદ્ધપુર, ઊંઝા, પાટણ, કાંકરેજ, પાલનપુર, ડીસા, થરાદ, હારીજ, સમી, બેચરાજી, માંડલ, સાણંદ, વિરમગામ, બાવળા, ધોળકાના ભાગો ઉપરાંત ચોટીલાના ભાગો, સુરેન્દ્રનગરના ભાગો, મધ્ય સૌરાષ્ટ્રના ભાગોમાં અને બરડાના ડુંગરના ભાગોમાં પણ વરસાદ થવાની શક્યતા છે. આહવા, ડાંગ, વલસાડ, નવસારી, સુરત, નર્મદા, બારડોલી, અંકલેશ્વર, ભરૂચના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે.

ભારે વરસાદ અંગે જોઈએ તો પંચમહાલના ભાગો અને વડોદરાના ભાગોમાં ભારે વરસાદ થઈ શકે. આણંદ, ખેડાના ભાગમાં પણ વરસાદ થાય. અમદાવાદ, ગાંધીનગર, કલોલ, દહેગામ, માણસા, કડી વગેરે ભાગોમાં પણ વરસાદની શક્યતા રહે. સાબરમતીના સ્ત્રાવ વિસ્તારમાં પણ વરસાદ પડે જેના લીધે સાબરમતીમાં પાણીનો આવરો આવે. તા. ૩૦ જુલાઈથી ૮ ઓગષ્ટમાં પણ રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિભારે કોઈ ભાગોમાં વરસાદની શક્યતા રહે. તાપી નદીના જલસ્તરમાં વધારો થાય, મધ્યપ્રદેશમાં થતા વરસાદથી નર્મદાના જલસ્તરમાં પણ વધારો થાય. આ અરસામાં સાબરમતીના જલસ્તરમાં પણ વધારો થાય. ઉત્તરપ્રદેશની મહાનદીઓમાં પુરની શક્યતા રહે. બિહારમાં વિજપ્રવાહી વધુ થાય. રાજસ્થાનના ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા રહે. વરસાદ એ કુદરતી દેન છે આ માત્ર અનુમાન છે.

### ૧૧ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે આ દર્દીના પરિવારના ૪ સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાંથી ત્રીજો કેસ મળતાં તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. આજે ટોરેન્ટ રિસર્ચમાં નોકરી કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૮ માંથી વધુ એક કેસ કોરોના પોઝીટીવ નોંધાયો છે. આ દર્દી ગુજરાત વિધાનસભામાં ફરજો બજાવે છે. તેઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૧ માં રહેતા અને ઈંટોનો ધંધો કરતા એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૦ વર્ષીય આ વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અન તંત્રએ તે મંજૂર રાખેલ છે. વેપારીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે સિંચાઈ વિભાગમાં નોકરી કરતા એક ૪૨ વર્ષીય અધિકારી જે સે. ૭ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા આ અધિકારીના પરિવારના પાંચ સભ્યોને ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. આ દર્દી હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. સે. ૧૪ માંથી એક વૃદ્ધ દંપત્તિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૭૦ વર્ષીય વૃદ્ધ અને ૬૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દંપત્તિને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને તેમના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જી.ઈ.બી. કોલોનીમાંથી વધુ એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી પોઝીટીવ દર્દના સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે. પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કરી તંત્ર દ્વારા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨૪ ના ડબલડેકરમાં રહેતા અને ગાંધીનગરના જાણીતા ઔદ્યોગિક એકમમાં નોકરી કરતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે અને દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૨ માં વાસ્તુનિર્માણ સોસાયટીમાંથી વધુ એક કેસ કોરોના પોઝીટીવનો મળી આવ્યો છે. આ સોસાયટીમાં રહેતા એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ હવે તેમના પત્નીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. સે. ૨૫ સૂર્યનારાયણ સોસાયટીમાં રહેતા ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલ એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. મળેલા ૧૧ કેસમાંથી ૭ ને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા છે જ્યારે ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ મંજૂરી આપી છે. જ્યારે એક દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### રાજહઠ સામે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયતમાં તલાટીઓને વેરા વસુલી સઘન કરવાની સૂચના મનપાતંત્રએ આપી છે એટલે પ્રજાના મનમાં પ્રશ્ન ઉભો થાય છે કે મનપાના તંત્રને માત્ર પૈસામાં રસ છે પણ સેવાઓ અંગે શું ?

ડોર ટુ ડોર કલેક્શન માટે પણ કોઈ પ્રકારની કામગીરી થતી નથી. ગ્રામ્ય વિસ્તારની મૂળભૂત સમસ્યાઓને કોરાણે મુકી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા પ્રજાની વાત સાંભળવા માટે પણ સમય નથી. આ ગામો માટે અધિકારીઓને જવાબદારી અપાઈ પણ તેઓ ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે પણ નિયમિત સમય આપી શકતા નથી. જિલ્લા પંચાયતના પ્રમુખે તો સ્પષ્ટ મત જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરી તલાટીઓની સેવાઓ પરત લઈ અન્ય ગામોમાં તેમની નિમણુંક કરવામાં આવે તેમ કહી દીધુ છે.

શહેરના સેક્ટરોમાં પણ રાઉન્ડ લેવાથી અળગા રહેલા મનપાના કમિશનર ગ્રામીણ વિસ્તારોમાં જશે ખરા ? લોકોની વાત જાણશે ખરા ? જેવા અનેકવિધ પ્રશ્નો સાથે પ્રજાએ જે પહેલીથી શહેરમાં ભળવાના કરેલા ઈન્કાર પછી પણ રાજહક સામે પીઠેહઠ કરી છે. પરંતુ તંત્ર દ્વારા જે રીતે ઓરમાયુ વર્તન કરવામાં આવી રહ્યું છે તે જોતાં ગ્રામીણ પ્રજામાં પ્રશ્ન ઉભો થયો છે કે તંત્ર ગાંઠ ઉકેલશે કે ગુંચવશે ? ૧૫ મા નાણાંપંચની કરોડોની ગ્રાન્ટ ગુમાવવાનું ખરેખર ભારે પડશે કે પછી મનપા કામ કરશે. મનપા પાસે તંત્ર પણ નથી અને સેવાઓ પણ નથી તો પ્રજાના કયા પ્રશ્નો પ્રથમ ઉકેલાશે તેવા અણીયાળા સવાલો ગ્રામીણ પ્રજા કરી રહી છે. સરકારે ઉતાવળે નિર્ણય કર્યો છે કે પછી રાજકારણ ખેલવાનો પ્રયાસ કર્યો છે. તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના સભ્યોને દૂર કરાયા નથી એટલુ જ નહિ પણ સરકારે વોર્ડ સંખ્યા નક્કી કરી. વોર્ડ સંખ્યા ૨૦૧૧ની વસ્તી પ્રમાણે નક્કી કરી પરંતુ આ વિસ્તારોમાં થયેલા વિકાસ અને વધેલા વસ્તી ભારણને લઈ તંત્ર પાસેથી કોઈ સ્પષ્ટ અભિપ્રાય સરકારે લીધો હતો કે કેમ ? તે વાત શંકાના દાયરામાં છે. મનપા પ્રજાના પ્રશ્નો ઉકેલવા સક્ષમ છે કે પછી પણ રાજકારણનો અખાડો બનાવવાની વાત છે.

### ઉગ્રવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન ટીમ અને એનએસસીએન-આઈએમ ઉગ્રવાદીઓની વચ્ચે અથડામણ થઈ હતી. આ એકાઉન્ટરમાં ૬ ઉગ્રવાગીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ એકાઉન્ટરમાં અસમ રાઈફલ્સનો એક જવાન ઘાયલ થયો હતો. અથડામણ સવારે ૪.૩૦ વાગે થઈ હતી. ઘટના સ્થળ પરથી હથિયારોની સાથે યુદ્ધક જેવી સામગ્રી મળી આવી હતી. અરુણાચલ પ્રદેશના ડીજીપીએ જણાવ્યુ હતું કે એકાઉન્ટર બાદમાં સ્થળ પરથી ૪ એકે ૪૭ રાઈફલ્સ અને ૨ ચીની એમક્યૂ કબ્જે કરવામાં આવ્યા હતા. હાલમાં સર્ચ ઓપરેશન ચાલુ છે.

### ૧૧ એપ્સ પર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકારને કેવા-કેવા ડેટા શેર કર્યા છે? પ્રતિબંધિત એપ્લિકેશન્સના નવા સ્વરૂપમાં કુખ્યાત જોકર માલવેર હાજર હતું, ચેક પોઈન્ટના સંશોધનકારો અનુસાર, જોકર માલવેર પ્રતિબંધિત એપ્લિકેશન્સના નવા સ્વરૂપમાં હાજર હતું. હેકર્સ વપરાશકર્તાઓને તેમની મંજૂરી વિના આ એપ્લિકેશનો દ્વારા પ્રીમિયમ સેવાઓ માટે સબ્સ્ક્રાઈબ કરતું હતું. પ્રતિબંધિત તમામ ૧૧ એપ્લિકેશંસ લાંબા સમયથી ગૂગલના પ્લે પ્રોટેક્શનને ટાળી રહી હતી, જેને હાલમાં ગૂગલે પ્લે સ્ટોર પરથી હટાવી દીધી છે. ગૂગલે પહેલેથી જ માલવેરથી ઈન્ફેક્ટેડ ૧૭૦૦ એપ્સ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ગૂગલ પ્લે સ્ટોરથી તમામ ૧૧ માલવેર ઈન્ફેક્ટેડ એપ્લિકેશંસને દૂર કર્યા પછી, ગૂગલે વપરાશકર્તાઓને તે એપ્લિકેશન્સને તેમના મોબાઈલ ફોન્સમાંથી તાત્કાલિક કાઢી નાખવાની સલાહ આપી છે, જે તેમને માટે જોખમી છે. અગાઉ ગૂગલે આવી ૧૭૦૦ એપ્સની સૂચિ બહાર પાડી હતી.

### દેશમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેકોર્ડ બનાવ્યો હોય અમેરિકામાં એક જ દિવસમાં ૭૦ હજાર કરતાં વધુ કેસો તો ભારતમાં પણ એક જ દિવસમાં ૨૭ હજાર કરતાં વધુ કેસો નોંધાતા સત્તાવાળાઓમાં ચિંતા વ્યાપી છે. પૂણે અને પટણા સહિત કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન લગાવવાની ફરજ પડી છે.

### ગંભીર ચેતવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બચાવી શકાય છે. ડોક્ટર રિયાનના જણાવ્યા અનુસાર, વાયરસનો બીજો પીક પિરિયડ આવી રહ્યો છે અને લોકડાઉન અપનાવીને તેને ટાફી શકાશે. ઉૐ ની એક ટીમ શુક્રવારે ચીન માટે રવાના થઈ છે. આ ટીમમાં બે લોકો છે અને કોવિડ -૧૯ વાયરસ દુનિયામાં કેવી રીતે પહોંચ્યો તેની આ ટીમ તપાસ કરશે. સંગઠનના પ્રવક્તા માર્ગારેટ હેરિસે કહ્યું કે ટીમમાં પ્રાણીઓના આરોગ્ય અને રોગચાફાના નિષ્ણાતો શામેલ છે. આ ટીમ ચિની વૈજ્ઞાનિકો સાથે મફીને કામ કરશે અને તપાસનો રસ્તો ખોલશે.

### વર્લ્ડ રેકોર્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજાર ૬૫૧ ફોટો વાઘના અને ૫૧ હજાર ૭૭૭ ફોટો દીપડાના છે. વાઘ પર કરવામાં આવેલો આ સર્વે દુનિયાનો સૌથી મોટો સર્વે છે. તે ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવામાં આવ્યો છે. આ સર્વે ૨૦૧૮નો છે. રેકોર્ડની જાણકારી હવે સામે આવી છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે દેશમાં ૨૯૬૭ વાઘ છે. ૨૦૦૬માં આ સંખ્યા ૧૪૧૧ હતી. લગભગ ૯ વર્ષ પહેલાં પ્રધાનમંત્રીએ સેન્ટ પીટર્સબર્ગમાં વાઘની સંખ્યા બમણી કરવાનું લક્ષ્યાંક નક્કી કર્યું હતું. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે શનિવારે ટ્વીટ કરીને આ વિશે જાણકારી આપી. તેમણે કહ્યું કે વન્યજીવન સર્વે માટે હકીકતમાં આ એક ઉત્તમ ક્ષણ અને આત્મનિર્ભર ભારતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. વડાપ્રધાન મોદીની આગેવાનીમાં ભારતે લક્ષ્યના ચાર વર્ષ પહેલાં વાઘની વસ્તીને બમણી કરવાનો સંકલ્પ પૂર્ણ કર્યો છે.